બિહારમાં પ્રવાહી રાજકીય પરિસ્થિતિ

આરજેડીમાં ભંગાણ મુદ્દે લાલૂ આક્રમક મૂડમાં : સ્પીકરના આવાસ ઉપર જોરદાર પથ્થરમારો અને તોડફોડ કરાઇ

નવીદિલ્હી, તા. ૨૫

આરજેડીના નેતા લાલૂ પ્રસાદ યાદવે તેમની પાર્ટીમાં બળવો થયાના એક દિવસ બાદ આજે પાર્ટીમાં ડેમેજ કન્ટ્રોલ કવાયત સફળતા પૂર્વક હાથ ધરી હતી. ગઇકાલે ૧૩ ધારાસભ્યોએ બળવો કર્યા બાદ લાલૂ યાદવ ૧૩ સભ્યો પૈકી નવ અસંતુષ્ટ ધારાસભ્યોને પાર્ટીમાં પરત લાવવામાં સફળ રહ્યા હતા. પોતાની પાર્ટીમાં નારાજ સભ્યો પૈકી મોટાભાગના સભ્યોને ફરી લાવવામાં આવ્યા બાદ લાલૂ યાદવે બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. આરજેડીમાં બળવો થયા બાદ લાલૂ યાદવ આજે સવારે પટણા પહોંચ્યા હતા. નવ ધારાસભ્યોની બેઠકમાં પણ લાલૂ પહોંચ્યા હતા. આવી સ્થિતિમાં ચાર ધારાસભ્યોની પાસે પણ હવે આરજેડીમાં રહેવા સિવાય અન્ય કોઇ વિકલ્પ દેખાઇ રહ્યા નથી. દરમિયાનમાં આરજેડીના ધારાસભ્યોએ આજે આક્રમક વલણ અપનાવ્યું હતું અને અધ્યક્ષના નિવાસ સ્થાન ઉપર જોરદાર હિંસક દેખાવો કર્યા હતા. વિધાનસભામાં અલગ ગ્રુપ તરીકે માન્યતા આપવાના અધ્યક્ષના નિર્ણય સામે વાંધો

ઉઠાવ્યો હતો. લાલૂએ કહ્યું હતું કે, અધ્યક્ષે ઉતાવળમાં પગલા લીધા છે. આરજેડી સાથે છેડો ફાડવાના પ્રસાય કરી રહેલા લોકોના હસ્તાક્ષરોની ચકાસણી કરવાની લાલૂએ વાત કરી હતી. લાલૂ યાદવ ખુબ જ નારાજ દેખાઇ રહ્યા છે. તેમના સમર્થકોએ આજે બિહાર વિધાનસભાના અધ્યક્ષ ઉદય નારાયણ ચૌધરીના આવાસ ઉપર પથ્થરમારો કર્યો હતો. રાબડીદેવીના આવાસ ઉપર ધારાસભ્યોની બેઠક બાદ લાલૂએ કહ્યું હતું કે, નિતિશકુમારને છોડવામાં આવશે નહીં. લાલૂએ કહ્યું હતું કે, ૧૩ સભ્યો નવ તેમની સાથે છે. લાલૂએ ઉમેર્યું હતું કે, અલગ ગ્રુપ તરીકે માન્યતા આપવાના સ્પીકરના નિર્ણય સામે સભ્યો ખુબ જ નાખુશ છે. આજે સવારે આરજેડી વિધાનસભા પક્ષની બેઠક સવારે બોલાવવામાં આવી હતી. આ બેઠક રાબડીદેવીના આવાસ ઉપર યોજાઇ હતી. લાલૂ યાદવ ૧૩ પૈકીના નવ ધારાસભ્યોને પોતાની સાથે રાખવામાં સફળ રહ્યા હતા. સમરા ચૌધરી, રાઘવેન્દ્ર પ્રતાપસિંહ, એ. ઇસ્લામ અને જાવેદ ઇકબાલ હજુ લાલૂની છાવણીમાં દેખાઇ રહ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, આરજેડીમાં ગઇકાલે બળવાની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. સ્પીકરના આવાસ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ભારે તોડફોડ પણ કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં આરજેડીના નેતાઓ અને કાર્યકરો સ્પીકરના આવાસ ઉપર પહોંચી ગયા હતા પરંતુ તે વખતે સ્પીકર નહીં હોવાનું જાણવા મળ્યું છે. પક્ષમાં કોઇપણ ભંગાણ હોવાનો લાલૂ યાદવે સાફ ઇન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે, નવ બળવાખોર ધારાસભ્યો તેમની સાથે છે. લાલૂ યાદવે કહ્યું હતું કે, અન્ય સભ્યોને પણ મનાવી લેવામાં આવશે.

જોકે, લાલૂ યાદવ નિતિશકુમાર અને વિરોધીઓ ઉપર ગંભીર આક્ષેપો કરતા નજરે પડ્યા હતા. નવ ધારાસભ્યોની સાથે લાલૂ યાદવે માર્ચ યોજી હતી. અને કહ્યું હતું કે, બળવા અંગેના અહેવાલ આધાર વગરના છે. સવારથી જ લાલૂ ચર્ચા વિચારણામાં વ્યસ્ત દેખાયા હતા. તોડફોડના પરિણામ સ્વરુપે સ્પીકરના આવાસની બહાર તંગદિલી પણ ફેલાઈ ગઈ હતી. જો કે, સ્થિતિ કાબૂમાં હોવાનું મોડેથી જાળવા મળ્યું હતં.

મુકેશ અંબાણીના વિશ્વમાં કોઇ જગ્યાએ ગેરકાયદે ખાતા નથી

નવીદિલ્હી, તા. ૨૫

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને રિલાયન્સ ઇન્ડસ્ટ્રી લિમિટેડે આજે રદિયો આપ્યો હતો અને ખુલાસો કર્યો હતો કે, કંપની અથવા તો તેના ચેરમેન મુકેશ અંબાણીના વિશ્વમાં કોઇપણ જગ્યાએ કોઇપણ ગેરકાયદે ખાતાઓ નથી. હરિયાણામાં રોહતક ખાતેની એક ચૂંટણી રેલીમાં અરવિંદ કેજરીવાલે તાજેતરમાં એવા નંબર વાંચીને દાવો કર્યો હતો કે, આ નંબર મુકેશ અંબાણી અને અનિલ અંબાણીના સ્વિસ બેંક ખાતાઓના છે અને તેમના કાળા નાણાં અંગે તપાસ કરવી જોઇએ. કેજરીવાલે આ નંબર આપતી વેળા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર પણ તેજાબી પ્રહારો કર્યા હતા. આરઆઇએલ દ્વારા આજે ખુલાસો કરાતા હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. આરઆઇએલ દ્વારા કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપોને સ્પષ્ટ રીતે રદિયો આપ્યો છે. અને

કહ્યું છે કે, આક્ષેપ બિલકુલ આધાર વગરના છે. નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રી અથવા તો મુકેશ અંબાણીના કોઇપણ ગેરકાયદે ખાતા નથી. કંપનીનું કહેવું છે કે, ઘણા દેશોમાં તેના બિઝનેસ નેટવર્ક છે અને હજારો કરોડ રૂપિયાનું ટર્નઓવર છે. સામાન્ય બિઝનેસના હેતુસર આરઆઇએલની ગૌણ કંપનીઓ ઘણા વૈશ્વિક બેંકોમાં કારોબાર ધરાવે છે. આ તમામ ખાતાઓમાં તમામ ધારા ધોરણો સફળતાપૂર્વક પાળવામાં આવે છે. ભારતમાં અને વિદેશમાં તમામ નિયમો પાળવામાં આવે છે. એએપી દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બિલકુલ આધાર વગરના છે. તેમના નેતાઓને ચોક્કસહિત ધરાવતા લોકો ઉશ્કેરી રહ્યા છે. એએપી દ્વારા આધાર વગરના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપતા પહેલા કેજરીવાલે આરઆઇએલના વડા મુકેશ અંબાણી, પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઇલી અને અન્યો સામે એફઆઇઆરનો આદેશ કર્યો હતો. રોહતકની રેલીમાં કેજરીવાલે કહ્યું હતું કે, મુકેશ અંબાણી દેશ ચલાવે છે. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી તેના ખીસ્સામાં છે.

તમામ જરૂરી પત્રો જમા કરાવવા સૂચના આપી

સંજય દત્તને વારંવાર પેરોલ મુદ્દે હાઈકોર્ટે પ્રશ્નો ઉઠાવ્યા

મુંબઈ, તા. ૨૫

મુંબઈ હાઈકોર્ટે આજે અભિનેતા સંજય દત્તને વારંવાર પેરોલ લંબાવવાના મુદ્દે પ્રશ્નો કર્યા હતા. કોર્ટે અરજીઓ ઉપર સુનાવણી ચલાવતા વેળા આ પ્રશ્નો ઉઠાવ્યા હતા. સંજય દત્તને પેરોલ મંજૂર કરવાના સત્તાવાળાઓ દ્વારા અપનાવવામાં આવી રહેલી પદ્ધતિના મુદ્દે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. જેના આધાર ઉપર પેરોલ લંબાવવામાં આવ્યા હતા તેવા તમામ પેપરો રજૂ કરવાનો પણ આદેશ કર્યો છે. અરજીદારે દાવો કર્યો હતો કે, સંજય દત્તને સળિયા પાછળના ૩૦૭ દિવસ પૈકી ૧૧૮ દિવસના પેરોલ મળી ચુક્યા છે. અગાઉ કેન્દ્ર સરકારે પણ સંજય દત્તને વારંવાર આપવામાં આવેલા પેરોલ મુદ્દે મહારાષ્ટ્ર સરકાર પાસેથી અહેવાલની માંગ કરી હતી. વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં સંજય દત્તને છ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ગૃહમંત્રાલયે આદેશમાં ૫૪ વર્ષીય સંજય દત્તને પેરોલ મંજુર કરવાના મામલે ખુલાસો કરવા રાજ્ય સરકારને સૂચના આપી હતી. જેલમાં સંજય દત્ત પહોંચ્યા બાદ એક વર્ષથી પણ ઓછા સમયગાળાની અંદર ત્રણ વખત સંજય દત્તને પેરોલ અપાતા હોબાળો મચી ગયો છે. સંજય દત્તને વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસના સંબંધમાં ગેરકાયદે શસ્ત્રો રાખવા બદલ સુપ્રીમ કોર્ટે અપરાધી ઠેરવ્યો હતો અને છ વર્ષની જેલની સજા ફટકારી હતી તે અગાઉ જેલમાં ૧૮ મહિનાનો સમય ગાળી ચુક્યો છે. તેની સજાના બાકીના ગાળાને ભોગવવા ૧૮મી મે ૨૦૧૩ના દિવસે સંજય દત્ત મુંબઈ કોર્ટમાં ઉપસ્થિત રહ્યો હતો. ત્યારબાદથી સંજય દત્તને મહારાષ્ટ્ર સરકાર દ્વારા ત્રણ વખત પેરોલ અપાયા છે.

૧૧ પાર્ટીએ સાથે મળી ત્રીજા મોરચાની રચના કરી

લોકસભાની ચૂંટણી પહેલા અંતે થર્ડ ફ્રન્ટની રચના થઇ

નવી દિલ્હી,તા. ૨૫

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આજે ત્રીજા મોરચાની રચના કરવામાં ૧૧ પક્ષો સફળ રહ્યા હતા. આ તમામ ૧૧ પક્ષો લોકસભાની ચૂંટણી સાથે મળીને લડવા માટે તૈયારી કરી ચુક્યા ચે. ડાબેરી નેતા પ્રકાશ કારાતે આજે અનેક પાર્ટીઓના ટોચના નેતાની હાજરીમાં ત્રીજા મોરચાની રચનાની જાહેરાત કરી હતી. ત્રીજા મોરચામાં ૧૧ પક્ષો છે. જેમાં એઆઇએડીએમકે, સમાજવાદી પાર્ટી, જેડીયુ, જેડીએસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે. આ તમામ પાર્ટીના નેતાઓ આજે દિલ્હીમાં મળ્યા હતા. લાંબી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ એક સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કરાતા આ અંગે ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવ્યો હતો. પ્રકાસ કારાતે કહ્યુ હતું કે બીજેડી અને આસામ ગણ પરિષદ પણ થર્ડ ફ્રન્ટમાં સામેલ છે. કારાતે હતું કે દેશને કોંગ્રેસનો વિકલ્પ જોઇએ છે. પરંતુ આ વિકલ્પ ભાજપ હોઇ શકે નહી. કારણ કે કોંગ્રેસ અને ભાજપમાં વધારે કોઇ અંતર નથી. જેથી અમે ૧૧ પક્ષો મળીને આગળ વધવા તૈયાર થયા ચીએ. આ જાહેરાત કરવામાં આવી ત્યારે મંચ પર સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ, જેડીએસના નેતા દેવગૌડા, જેડીયુના શરદ યાદવ્ ને અન્યો હાજર રહ્યા હતા. કારાતે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીને કોઇ પણ કિંમતે સત્તા પર આવતા રોકવા પડશે. અમે તમામ સાથે મળીને કામ કરીશુ. સરદ યાદવે કહ્યું હતું કે આ થર્ડ નહી બલ્કે પ્રથમ ફ્રન્ટ છે. તેમણે કહ્યું હતું કે ત્રણ ત્રણ વખત અમે વડાપ્રધાનની પસંદગી કરી ચુક્યા છીએ. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન કોણ બનશે તે અંગે નિર્ણય લોકસભાની ચૂંટણી બાદ કરવામાં આવસે. છેલ્લા કેટલાક સમયથી ત્રીજા મોરચાની રચનાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. પરંતુ કેટલાક કારણોસર નિર્ણય લઈ શકાયો ન હતો. હવે ત્રીજા મોરચાની રચના કરી લેવામાં આવી છે. તમામ ૧૧ રાજકીય પક્ષો કોઈ પણ કિંમતે ભાજપને સત્તામાં આવતા રોકવાના પ્રયાસ કરશે. શરદ યાદવે દાવો કર્યો હતો કે અમારી વચ્ચે કોઇ ખેંચતાણ નથી.લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ત્રીજા મોરચાની રચનાને પણ રાજકીય રીતે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે આ મોરચામાં જુદા જુદા રાજ્યોમાં મજબુત પ્રાદેશિક પાર્ટી સામેલ છે.આ પક્ષો પોત પોતાના રાજ્યોમાં ખુબ મજબુત સ્થિતીમાં છે.

હિમાચલમાં ફળફળાદીના ખેડૂતોમાં ખુશીનું મોજું

મનાલી,તા. ૨૫

હિમાચલ પ્રદેશના ફળફળાદીના પટ્ટામાં આ વખતે ખૂબ સારી હિમવર્ષા થઈ છે અને તાપમાન પણ આ શિયાળાની સિઝનમાં આદર્શ રહેતા ફળફળાદીના ખેડૂતોમાં ખુશીનું મોજું ફળી વળ્યું છે. આ વખતે સારી હિમવર્ષા થવાના પરિણામ સ્વરૂપે ફળફળાદીનું વિકમી પાક થવાની શક્યતા દેખાઈ રહી છે જેથી ફળફળાદી સાથે જોડાયેલા ખેડૂતોના ચહેરા ઉપર ખુશીનું મોજું ફળી વળ્યું છે. હિમાચલ પ્રદેશમાં વૈજ્ઞાનિકો પણ હવામાન પદ્ધતિ ઉપર નજર રાખી રહ્યા છે. આ લોકોનું કહેવું છે કે લઘુત્તમ જરૂરિયાતો પરિપૂર્ણ થઈ રહી છે. હિમવર્ષા અને ઠંડીની સ્થિતિ આ વખતે ખૂબ જ આદર્શ રહી છે. જેથી મોટાપ્રમાણમાં સફરજન અને અન્ય ફળફળાદીનું ઉત્પાદન થવાની શક્યતા દેખાઈ રહી છે. રાજ્યના ઘણા પટ્ટામાં હજુ પણ બરફની ચાદર છવાયેલી છે. બરફના પરિણામ સ્વરૂપે જમીનમાં નોંધપાત્ર ભેજની સ્થિતિ ઊભી થઈ ગઈ છે જે છોડ ઉપર જરૂરિયાતને લાવવામાં સફળ રહેશે. સારી હિમવર્ષા અને ઠંડીના પરિણામ સ્વરૂપે આ વર્ષે ખૂબ સારા ઉત્પાદનની શક્યતા દેખાઈ રહી છે.

સમગ્ર દેશમાં મોદીની લહેર છે : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલે કબુલાત કરી છે કે દેશમાં નરેન્દ્ર મોદીની લહેર છે. તેમણે કહ્યું છે કે મોદીની લોકપ્રિયતાને નકારી શકાય નહી. એક હિન્દી અખબારમાં પ્રકાશિત કેજરીવાલના ઈન્ટરવ્યુમાં કહેવામાં આવ્યું છે કે દેશમાં હાલ નરેન્દ્ર મોદીની લહેર છે. કેજરીવાલે આ મુલાકાતમાં કોંગ્રેસના નેતાઓની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને ભાજપમાં કેટલાક નેતાઓ ઘણા સારા છે. કેજરીવાલે કહ્યું હતું કે સારા અને ઈમાનદાર લોકો તેમની સાથે આવે તેવી તેમની ઈચ્છા છે. બાકીના તમામ લોકો ચોર છે તેમ આમે કહી રહ્યા નથી. સરકાર મુકેસ અંબાણીના ખિસ્સામાં છે તે વાતને નકારી શકાય નહી. મિડિયાના પ્રશ્ને કેજરીવાલના આક્ષેપ અંગે પણ પ્રશ્ન કરવામાં આવ્યા હતા.

સમાચાર ઝલક

- દિલ્હીનું અક્ષરધામ મંદિર ત્રાસવાદી હીટ લિસ્ટમાં.
- ગુજરાતમાં સુઝુકીના પ્લાન્ટ સામે રોકાણકારોનો વિરોધ.
- આતંકવાદીઓ દ્વારા આંદામાનને ત્રાસવાદી અડ્ડો બનાવવાનો પ્રયાસ, સરકાર ચિંતામાં.
- અડાલજ નજીકની રહેવાસી કોલેજની વિદ્યાર્થીની સાથે કલાર્કે ૮ માસ સુધી દુષ્કર્મ ગુજાર્યું.
- ક્રિકેટર સચિન તેંડુલકરે સંસદ સભ્ય ગ્રાન્ટમાંથી એક પણ રૂપિયો ગ્રાન્ટ ફાળવી નથી.
- સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતમાં મદદનીશ ઇજનેર લાંચ લેતા ઝડપાયા.
- અમદાવાદમાં ૮ લાખ મિલકતોનો વધારો છેલ્લાં ૧૦ વર્ષમાં નોંધાયો છે.
- ભારતમાં દર ૬૦૦ લોકોએ એક એન.જી.ઓ. છે, કુલ તેની સંખ્યા ૨૦ લાખ ઉપર છે.
- રાજીવ હત્યા કેસની તપાસમાં ૧૦૦ કરોડ ખર્ચાયા, હજુ તપાસ ચાલુ.
- 'ફ્રેન્ડ્સ ઓફ પોલીસ' યોજના શરૂ કરાશે : મોહન જહા
- નાગપુરમાં ત્રાટકેલા વાવાઝોડાએ ખાનાખરાબી સર્જી, કરોડોનું નુકસાન.
- ઉત્પાદન વધુ થવાથી મકાઇ, ચણા, બાજરી, અડદ અને મગફળીના ભાવ નીચા થયા.
- યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાની દિલ્હી શાખામાં ૮૦૦ કરોડનું કૌભાંડ.
- લોકસભાની ૩૫૦ બેઠકોનું પરિણામ નક્કી કરશે યુવા પેઢી.
- હવે સોનામાં પણ ભેળસેળ થાય છે, પાઉડરથી વજન વધારાય છે.
- અમેરિકામાં ભારતીય બીડીના વેચાણ પર પ્રતિબંધ, અમેરિકામાં ધુમ્રપાનથી દર વર્ષે પાંચ લાખ લોકો મૃત્યુ પામે છે.
- એક જ બેંક એકાઉન્ટ નંબર પર એકથી વધુ ખાતા ખોલાવી શકાશે, આર.બી.આઇ.નો નિર્દેષ.
- જંગી મુજબની ફરજિયાત સ્ટેમ્પ ડ્યુટીને હાઇકોર્ટમાં પડકારાઇ.
- ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં વીજળીના ભાવ વધશે.
- જૂની નોટો પાછી ખેંચવાના મુદ્દે મદ્રાસ હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી.
- પાકિસ્તાન સૌથી વધુ આતંકવાદ પ્રભાવિત દેશ, ૧,૩૩,૭૨૧ આતંકવાદી હુમલા થયા.
- ચકલીના માળાનાં બ્રાંડ એમ્બેસેડર બન્યા પૂ.મોરારી બાપુ.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

પેલી કમળવાળી તો આખા ગામમાં ભસતી રહે છે કે મને લકવો થયો છે, હું ખાઉં ખાઉં કરૂં છું. હું કોલસા ખાઉં છું. હું આખી ફલેટની સ્કિમ ગળી જાઉં છું અરે મારા ડફોળ બની રહેલાં ડફોળીયાં. તું એમના પર વિશ્વાસ રાખે છે? કોલસો એટલે કાંઇ ડોસો છે? તને સમજાતું નથી? મારે મારા રાજા મારો હાથ અને સાથ છોડીને ના જઇશ, બોલ તારે શું જોઇએ છીએ? બધું મફતમાં આપીશ, પણ મારા હાથનો સાથ ના છોડતો!!'

આ શું મશ્કરીઓ ચાલી રહી છે? વેલેન્ટાઇન ડે છે એટલે શું થયું? એક જ કવરમાંથી ત્રણ ત્રણ પ્રેમપત્રો? અને એ પણ અલગ અલગ આઇટમ ગર્લના? અને આ પાછા મને જ કેમ? હું શું એટલો ઉલ્લું છું? હું હાથમાં ચાની પ્યાલી લઇ જરાં પંચાતીયા પાડોશીને પૂછવા નીકળ્યો ત્યાં એક બિરાદર માથે ટોપી હાથમાં ઝાડુ સાથે, તો બીજા કમળનાં ફૂલ સામે જ ભટકાયા, મેં પાડોશીને પૂછ્યું કે આ લવલેટરનું શું છે? એટલે એ બક્યાં, 'બૉસ, કોઇ ચિંતા નહીં કરવાની, આવા લેટર તો બધાને મળ્યાં છે,' એમ કહી એ તો ખી ખી હસવાં લાગ્યા.

'એટલે કેમ બધાંને જ?' મેં મારી ડફોળાઇ બતાવી.

'અરે, ભૂલી ગ્યો કે શું?' આજે વેલેન્ટાઇન ડે છે તે?'

અરે, આ સાલ તો આખું વેલેન્ટાઇન જ છે ને? લોકસભાની ચૂંટણી છે એટલે બધાં મારાં જેવા ઉલ્લુને પ્રેમ કરવા, ગુલાબી સ્વપ્ના બતાવવા, પંજાથી વહાલ કરવાં, આશા અરમાનોનો ઝાડુ ફેરવવા નીકળી પડશે, ઢીંક ચીકા!!

ચૂંટલો :

ચૂંટણીના આ રમતમાં જોકરો વચ્ચે લલ્લું પંજુ ભળી જશે, 'ચલ સરકાર બના' જેવો હુકમનો એક્કો તો આપણાં હાથમાં જ છે. લગન કરતાં પહેલાં છોકરી જોવી સારી, પછી તો સંસાર માંડવાનો જ છે. આપણે છીએ 'મતોવાળા' અને એ બધાં 'મતવાલા.' બાજી ખોટી ના મંડાય જોજો.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

રાત થતાં જ મંદિરમાં ભક્તોની ભીડ ઓછી થઇ ગઇ. તેની નજીકમાં ફૂટપાથ પર બેઠેલા લાચાર અને ભીખારીઓ ખાઇ-પી આડા પડવા લાગ્યા. ચારે તરફ રાતનો સન્નાટો પગ પેસારો કરવા લાગ્યો. તેની નજર સતત મંદિરના પગથીયાં પર મંડાયેલી હતી. મોડી રાત સુધી તે સ્ત્રી દેખાઇ નહીં તેથી તે હતાશ થવા લાગ્યો. મહા મુસીબતે તે લીમડાના થડના ટેકે બેઠો હતો. આમ કરતાં કેટલોક સમય વીતી ગયો. લથડતાં શરીરને સંભાળવામાં તે હવે અસમર્થ થવા લાગ્યો. અચાનક પેલી સ્ત્રીને મંદિરના પગથીયાં ઉતરતાં જોઇ તે ચોંકી ગયો. નીચે ઉતરીને ધીરે ધીરે એ તેની તરફ આવવા લાગી. કાળા રંગની ચમકતી સાડી અને છૂટા કાળા વાળ, કાળી ચમકદાર આંખો અને એ જ શ્યામલો નમણો ચહેરો, ઘાટીલું શરીર તેની એ સુંદરતાને તે જોઇ જ રહ્યો. આજે નજીક આવી તે ફૂટપાથ પર બેસી ગઇ. પ્રેમથી તેની આંખોમાં આંખો પરોવી બોલી, 'શું વાત છે આજે હજુ સુધી તમે જાગો છો?'

'હાં હું તમારી જ રાહ જોતો હતો. કેટલાક દિવસોથી તમે મારી સેવા કરો છો. તે માટે હું તમારો આભાર માનવા માંગુ છું. મને બહુ મોટો રોગ છે. કદાચ હું હવે વધુ નહીં જીવું તમે કોણ છો? હું તમારું નામ જાણવા માંગુ છું.'

તેની આ વાત સાંભળીને સ્ત્રીના શ્યામલ હોઠ પર સ્મિત આવી ગયું. તેની આંખોમાં જોઇને તે ગંભીરતાથી બોલી. 'તમે મને ન ઓળખી?'

'ના, મને તમારો ચહેરો જાણીતો લાગે છે પણ મને ખબર પડતી નથી કે તમે કોણ છો.'

'મને ધ્યાનથી જૂઓ. હું મૃત્યુ છું. મૃત્યુ દેવી. તમને મારી સાથે લઇ જવા આવી છું.'

પેલી સ્ત્રીના આ શબ્દો સાંભળી એ સુન્ન રહી ગયો. તેને જોઇને તેની આંખો ફાટી જ રહી ગઇ. જે મૃત્યુથી તે આટલો ભયભીત હતો તે આવુ સુંદર અને આકર્ષક પણ હશે. એવું તેમને સપનેય વિચાર્યું ન હતું. જે કાલ્પનિક સ્ત્રીની છબી તેની આંખોમાં છવાયેલી હતી. જેની તે વર્ષોથી પ્રતિક્ષા કરતો હતો. આજે તે સાક્ષાત તેની સામે બેઠી હતી. તેને હસતી જોઇને તે ભાવ વિભોર થઇ ગયો. મન અભિભૂત થયું. તેની અંદર આનંદ છવાઇ ગયો. અચાનક તેના શરીરમાં શક્તિઓ ક્ષીણ થવા લાગી. આંખો સામે અંધકાર છવાવા લાગ્યો. પોતાના શરીરનું સમતોલન જાળવવું હવે મુશ્કેલ લાગ્યું. તે ધીરે ધીરે આગળની બાજુ ઢળી પડ્યો અને પેલી સ્ત્રીના ખોળામાં જઇ પડ્યો.

- vanvihari@gmail.com

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

એ સાથે વિશ્વના જુદા જુદા દેશોમાં મળીને અત્યારે ૨૦ કરોડ બેકારો છે. આ ૨૦ કરોડ બેકારોનો બેકલોગ ભરવાનો કંપનીઓ માટે એક ગ્લોબલ પડકાર છે.

આ ૨૦ કરોડ લોકોને નવી નોકરીઓ આપવાના પડકાર ઉપરાંત દર વર્ષે વધુ ૪ કરોડ નોકરીઓ પણ ઉભી કરવી પડશે. જો નવી નોકરીની તકો ઉભી નહીં કરવામાં આવે તો એમાં દર વર્ષે ૪ કરોડ લોકોનો ઉમેરો થશે. આ હિસાબે આગામી ૧૦ વર્ષમાં ૪૦ કરોડ વધુ બેરોજગારો ઉમેરાતા જશે. આમ સને ૨૦૨૨માં દુનિયાભરમાં મળીને ૬૦ કરોડ બેરોજગારો હશે એવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

અત્યારની સ્થિતિએ દુનિયામાં દર ત્રણ કામદારે એક કામદાર એટલે કે ૧.૧ અબજ લોકો બેરોજગાર છે, જેઓ ગરીબીની સ્થિતિમાં જીવી રહ્યાં છે. વિકાસશીલ દેશોમાં સરેરાશ રીતે ૯૦ કરોડ કામદારો પોતાની અને પરિવારની મળીને રોજની બે ડોલર એટલે કે, આશરે રૂપિયા ૧૧૦થી પણ ઓછી આવક સાથે ગરીબીરેખા નીચે જીવી રહ્યા છે. ભારતની વાત કરીએ તો ગરીબીરેખા નીચે જીવતા લોકો રોજના રૂપિયા ૧૧૦ પણ મેળવી શકતા નથી.

જો કે અર્થશાસ્ત્રીઓ અને વિશ્વના શાણા વડેરાઓ તો કહે છે કે, આવનારો સમય ભારતનો જ હશે. તમે ઈ. ઍન્ડ વાય.નું નામ સાંભળ્યું છે? 'અર્નેસ્ટ ઍન્ડ યંગ'. આ એક પ્રોફેશનલ સર્વિસીસ ફર્મ છે. આ ફર્મના હેડ ફારૂખ ટી. બલસારાનું કહેવું છે કે, ભારત પ્રત્યે દુનિયાભરની ટોચની કંપનીઓ રોકાણ કરવા અને પોતાની બિઝનેસ બ્રાન્ચીઝ ખોલવા કેમ આકર્ષાય છે? વેરી સિમ્પલ. દેશમાં વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષતી ત્રણ બાબત મુખ્ય છે. (૧) વાજબી પગારધોરણ, (૨) વિસ્તરતો જતો મધ્યમ વર્ગ અને (૩) સસ્તો લેબરફોર્સ.

દેશની ૧૨૫ કરોડની વસતી મલ્ટીનેશનલ જાયન્ટ્સ માટે માત્ર દેખીતો વસતીવધારાનો ઈશ્યુ નથી. એના માટે આટલી મોટી જનસંખ્યા પોતાની પ્રોડક્ટ્સ માટેના સંભવિત ગ્રાહકો, ખરીદદારો છે.

આ વસતી તેમના માટે ઓડિયન્સ છે. વધુ વસતી હોય એટલે મજૂરબળ પણ કમ્પેરીટિવ રેટથી મળી જાય છે.

દેશમાં ગરીબીરેખા નીચે જીવતા પરિવારો ઘટતાં રહ્યાં છે, તો સીધી વાત છે કે, મધ્યમવર્ગનાં પરિવારોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આ વિસ્તરતો મધ્યમ વર્ગ મલ્ટીનેશનલ્સની ફેલાયેલી માયાજાળ માટેની માછલીઓ છે. ટૂંકમાં આ બધા જ સંજોગોમાં ઈન્ડિયન ઈકોનોમી અને બિઝનેસ-બજારને ફાયદો થાય તો સરવાળે દેશનું અર્થતંત્ર પણ સુદૃઢ બનવાનું છે. કારણ કે, મની માર્કેટની મૂવમેન્ટ ચાલતી રહે છે. રૂપિયો બજારમાં ફરતો રહેવો જોઈએ. પાણી બંધિયાર રહે તો દુર્ગંધ મારે છે. એટલે પછી બંધિયારપણાંથી, નિયંત્રણોથી અર્થતંત્રને પણ સડો લાગી શકે છે.

ભારત આમ તો સમગ્ર એશિયાઈ ઉપખંડમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર છે. અહીં સને ૨૦૧૧માં સીધા વિદેશી મૂડીરોકાણ (એફ.ડી.આઈ.)માં વધારો નોંધાયો છે. જે પાછલા ત્રણ વર્ષમાં થયેલો પહેલો વધારો છે. જો કે દેશમાં હજુ પણ અપૂરતી આંતરમાળખાકીય સુવિધાઓ, સંપૂર્ણ પારદર્શિતાનો અભાવ અને સરકારની ખામીયુક્ત નીતિના લક્ષ્યાંક અનુસાર એફ.ડી.આઈ.માં વધારો નોંધાતો નથી.

સને ૨૦૧૧માં અગાઉના વર્ષની સરખામણીએ એફ.ડી.આઈ.ની રકમ ૧૩ ટકા વધીને ૫૦.૮૧ અબજ ડોલર ઉપર પહોંચી હતી. જ્યારે કુલ પ્રોજેક્ટ્સની સંખ્યામાં પણ ૨૫ ટકા વધારો નોંધાયો હતો. જે મુજબ આવા પ્રોજેક્ટ્સનો આંકડો ૮૬૪ ઉપર પહોંચ્યો છે. હાલ દેશમાં મોખરાની ૩૮૨ જેટલી મલ્ટીનેશનલ કંપનીઓ કાર્યરત છે. એમાંથી ૭૦ ટકા કંપનીઓ પોતાનો કારોબાર જાળવી રાખવા અને વધારવા માગે છે. આ બાબત ભારતીય અર્થતંત્ર અને યુવાબેરોજગારો માટે આશાનું કિરણ છે.

જો કે એફ.ડી.આઈ.માં વધારો દેશના સમગ્ર માળખાને સપોર્ટ કરે છે. માત્ર બેકારી જ હલ થાય, એવું નથી. મૂળ વાત ઉપર પાછા ફરીએ તો, સવાલ નિયત અને નેક ઈરાદાઓનો છે. નિયત અને ઈરાદાઓ સારા હોય તો એ સો ટચનું સોનું અને સિંહણનું દૂધ. પાત્રતા હશે તો રોજગારી અને રૂપિયા મળી જ રહેશે, નહીં તો હશે એ પણ છીનવાઈ જશે.

- સમાપ્ત